# નવા નાણાંકીય વર્ષમાં જુની જંત્રીના દરે જ મિલ્કતવેરો વસુલવામાં આવશે

## નવી જંત્રીના અમલ માટે એક વર્ષ સુધી મિલ્કતવેરાની વસુલી માટે અમલ મોકુફ રાખવા વિચારણા થશે

ગાંધીનગર, તા. ૧૯

નવી જંત્રીના દરો નિયત થાય અને તે અંગેના સત્તાવાર રિપોર્ટ મળે ત્યાં સુધી અર્થાત્ એક વર્ષ સુધી જુની જંત્રીના દરોને આધારે જ મિલ્કતવેરો વસુલવામાં આવે તેવી દરખાસ્ત આજે સ્થાયી સમિતિની વિચારણામાં લેવામાં આવશે.

નવી જંત્રીના દરો નિયત કરવામાં હજુ સારો એવો સમય પસાર થશે તેમ જ જુની જંત્રી પ્રમાણે મિલ્કતવેરાના બિલો તૈયાર કરી દેવામાં આવી રહ્યા છે. અમદાવાદ કોર્પોરેશને પણ નવા જંત્રીના દરોનો અમલ મિલ્કતવેરાની વસુલી માટે મોકુફ કરવાનો નિર્ણય કરેલ છે.

એએમસી પેટર્ન પ્રમાણે ગાંધીનગર મનપા પણ આજે સ્થાયી સમિતિમાં આ નિર્ણય કરશે તેમ મનાઈ રહ્યુ છે. નવી જંત્રીના દરો નિયત કરાયા પછી તેનો રેકર્ડ ઉપલબ્ધ થાય અને તે રેકર્ડ આધારિત મિલ્કતોનું વર્ગીકરણ કરી મિલ્કતવેરાના બિલો તૈયાર થતા હોય છે. આ આખીય પ્રક્રિયા લાંબી હોવાથી એક વર્ષ માટે નવી જંત્રીના દરે મિલ્કતવેરો વસુલવાને બદલે જુની જંત્રીના દરે જ મિલ્કતવેરો વસુલવામાં આવશે.

દરમ્યાન આજે સ્થાયી સમિતિમાં ઈ.નગર સોફ્ટવેરને બદલે નવુ સોફ્ટવેર ખરીદવાનો પણ નિર્ણય લેવામાં આવશે. ઈ.નગર સોફ્ટવેરમાં ફરિયાદો ખુબ ઉઠી હતી તેમજ તેમાં ઘણી બધી ટેકનીકલ ક્ષતિઓ પણ ધ્યાને આવી હતી તેથી હવે નવુ સોફ્ટવેર ખરીદવામાં આવી રહ્યુ છે.

મનપાની આજે ચેરમેન જસવંત પટેલની અધ્યક્ષતામાં મળનારી બેઠકમાં વહીવટીય સુધારણાના કેટલાક મહત્વના નિર્ણયો લેવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. શહેરની સેવાઓ લોકાભિમુખ બને તેમજ સરળ વહીવટીય પ્રક્રિયાથી લોકોની પરેશાની ઘટે તેને પણ અગ્રતા આપવામાં આવશે.



માર્ગોને પહોળા કરવા માટે ઘણા લીલા વૃક્ષોને થડમાંથી જ કાપી દેવાયા છે. જો કે તેના થડ દૂર કર્યા વગર જ તેના પર ફૂટપાથ બનાવી દેવાયા છે. ચ-૩ થી ઘ-૩ વચ્ચેના ફૂટપાથ પર કપાયેલા વૃક્ષોના આવા થડ નડતરરૂપ બની રહ્યા છે.

# મનપાની સ્થાયી સમિતિની આજે મહત્વની બેઠક મળશે

## ૪૬ જેટલા મુદ્દાઓ એજન્ડામાં સમાવવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૯

આજે ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મહત્વની બેઠક મળશે જેમાં ઘણા બધા મહત્વના નિર્ણયો લેવામાં આવશે.

સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલની અધ્યક્ષતામાં આજે ૧૨.૩૦ વાગે સમિતિના ખંડમાં સ્થાયી સમિતિની બેઠક યોજાશે.

સ્થાયી સમિતિની આજની બેઠકમાં ૪૬ જેટલા મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે. શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનના ટેન્ડર ઉપરાંત વિવિધ સ્મશાનગૃહોના નવીનીકરણ, નવા હોલ નવા ભળેલા વિસ્તારોમાં બનાવવા અંગે, બગીચાની સાર-સંભાળ માટેના વાર્ષિક કોન્ટ્રેક્ટ આપવા તેમજ ઝુંડાલમાં નવો બગીચો બનાવવા સહિતના મુદ્દાઓ સમાવવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે 'ક' રોડ રેલ્વે ક્રોસીંગથી એમ.બી. પટેલ સ્કૂલ સુધીના માર્ગને પહોળો કરવા, વૉટર ડીસ્ટ્રીબ્યુશન સ્ટેશનોના નિર્માણ માટે પણ નિર્ણય લેવામાં આવશે.

સુઘડ ખાતે વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ૪૦ એચએલડીનો બનાવવા અંગેના ટેન્ડર પર પણ આજની આ બેઠકમાં નિર્ણય લેવામાં આવનાર છે. મનપાની બાગાયત શાખાના મહેકમના માળખામાં પણ સુધારા-વધારા કરવાની દરખાસ્ત, સે. ૬માં ડૉક્ટર હાઉસ નજીક પાર્કિંગની સુવિધા ઉભી કરવાની દરખાસ્ત પર આજની સ્થાયી સમિતિમાં નિર્ણય કરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરને ગ્રીનસીટીનું બિરૂદ પુનઃ પ્રાપ્ત થાય તે માટે બાગાયત શાખાના મહેકમની ક્ષમતામાં વધારો કરવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

આજની સ્થાયી સમિતિમાં વહીવટીય વિકાસલક્ષી મહત્વના વિષયો સમાવવામાં આવ્યા હોવાથી કાર્યભારણ વધુ છે.

# શહેરમાં એન.એ. થયેલા ખુલ્લા પ્લોટો પર મિલ્કત વેરો વસુલવા આજે નિર્ણય થશે

## નવા નાણાંકીય વર્ષથી આ વેરો વસુલવા માટે મનપા તંત્રએ પણ કવાયત હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં પણ હવે એ.એમ.સી.ની પેટર્ન પ્રમાણે જ એન.એ. થયેલા ખુલ્લા પ્લોટો પર મિલ્કતવેરો વસુલવામાં આવશે.

આજે ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવશે અને તેના પર નિર્ણય લેવામાં આવશે. મનપા દ્વારા આવકના નવા સ્ત્રોતો ઉભા કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ છે તેના ભાગરૂપે આ દરખાસ્ત તૈયાર કરી અને આજે સ્થાયી સમિતિના નિર્ણય માટે રજુ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લામાં એમાંય ખાસ કરીને ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તારોમાં એન.એ. થયેલા પ્લોટોની સંખ્યા વધુ છે. આ જમીનોના મહેસુલની આવક પણ થતી નથી. જમીન એન.એ. થયા પછી આ અંગેની વસુલાત સીટી સર્વેના તંત્રએ વસુલવાની થાય છે પણ તેની પાસે ચોક્કસ તંત્ર અને નીતિનો અભાવ હોવાથી લાંબા સમયથી આવા પ્લોટો પડી રહ્યા છે.

ખુલ્લા પડી રહેલા આ પ્લોટો પર એ.એમ.સી.એ મિલ્કતવેરો લાગુ કરી દીધો છે. હવે આજ પેટર્ન પ્રમાણે ગાંધીનગર મનપાનું તંત્ર પણ આગળ વધી રહેલ છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે એન.એ. થયેલા પ્લોટોની ચોક્કસ સંખ્યા ઉપલબ્ધ નથી પણ મનપાની આવક વધશે તેવો વિશ્વાસ છે. એન.એ.ની કામગીરી જિલ્લા કલેક્ટર હસ્તક છે. એટલે આજે મિલ્કતવેરો લાગુ કરવાના નિર્ણયને પગલે જિલ્લાતંત્ર પાસેથી આ અંગેની વિગતો મેળવવામાં આવશે અને નવા નાણાંકીય વર્ષથી આ પ્લોટ ધારકો પાસેથી મિલ્કતવેરો વસુલવામાં આવશે.

મનપામાં આ વર્ષે મિલ્કતવેરાની આવક પણ વિક્રમી થઈ છે. જો કે મનપામાં નવા વિસ્તારો ભળ્યા પછી મનપાના આર્થિક ભારણમાં જે રીતે વધારો થઈ રહ્યો છે તેને ધ્યાને રાખી આવકના નવા સાધનો ઉભા કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવુ જરૂરી છે તેમ પણ મનપાના સત્તાધારી પક્ષના સૂત્રો સ્વીકારી રહ્યા છે.

# ગ્રામ્યમાં વધુ ૨ અને શહેરમાં વધુ ૧ કોરોનાનો કેસ નોંધાયો

## કુડાસણમાંથી ૨૬ વર્ષીય યુવાન સંક્રમિત : વિહાર અને શિલજમાંથી એક-એક કેસ મળી આવ્યો : તંત્રની ચિંતા વધી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૨ કેસ અને શહેરમાં કોરોનાનો એક નવો કેસ મળી આવ્યો છે. શહેર-જિલ્લામાં જે ગતિએ કોરોનાના કેસ વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા અને દોડધામ વધી જવા પામેલ છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા એક સપ્તાહથી છુટાછવાયા વિસ્તારોમાં કોરોનાના કેસો મળવાના શરૂ થયા છે તેથી મનપા આરોગ્યતંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સમાવિષ્ટ કુડાસણ ગામમાંથી આજે એક કેસ મળી આવેલ છે. ૨૬ વર્ષીય નોકરી કરતો યુવાન કોરોનાથી સંક્રમિત થયેલ છે. આ દર્દી નોકરીના કામે દિલ્હી ગયો હતો અને ત્યાંથી પરત ફર્યા બાદ તાવ-શરદી-ખાંસી અને અન્ય તકલીફ જણાતાં ટેસ્ટ કરાવતાં તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ દર્દીએ કોરોનાના હળવા લક્ષણો જણાતા હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે નોંધાયેલ દર્દી સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૮ પર પહોંચી છે. આ પૈકી એક દર્દી હોસ્પિટલમાં દાખલ છે જ્યારે અન્ય દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

શહેરમાં બીજી તરફ સ્વાઈન ફલુના કેસો પણ વધી રહ્યા હોવાથી તંત્રની ચિંતા બેવડાઈ જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ બે કેસ કોરોનાના મળી આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બે કેસમાં એક મહિલા દર્દી છે. મહિલા દર્દીની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માણસા અને કલોલ તાલુકામાંથી એક-એક કેસ મળી આવેલ છે. આજે મળેલ કેસમાં એક ખેડૂત પણ કોરોનાથી સંક્રમિત થયેલ છે.

માણસામાં વિહાર ગામેથી ૫૨ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. કલોલના શિલજ ગામેથી ૫૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આજે મળી આવેલ આ બન્ને દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હાલ આ દર્દીઓના સંપર્કમાં આવેલા ૪૯ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેર-જિલ્લામાં સર્વેલન્સ સઘન કરવા ઉપરાંત હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે જોવા તાકીદ કરવા સાથે શકમંદ જણાતા દર્દીઓના ટેસ્ટ કરવામાં આવે તેવી સૂચનાઓ તંત્રને આપવામાં આવી છે.

# કલેક્ટર કચેરીમાં ક્લાર્ક સંવર્ગની બદલીનો ગંજીફો ચીપાયો

## ગૌણ સેવા પસંદગી મંડળે ૧૦ કારકુનો ફાળવતાં નવ નવા હાજર થયા

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ફાળવવામાં આવેલ ૧૦ જુનિયર ક્લાર્કમાંથી ૯ હાજર થતાં ક્લાર્ક સંવર્ગનો ગંજીફો ચીપવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર કચેરીમાં મહેસુલી તલાટીઓની બદલી પછી હવે ૨૧ જેટલા કારકુનોની પણ સામુહિક બદલીના હુકમો જારી કરવામાં આવ્યા છે.

ગઈકાલે મોડી સાંજે આ બદલીના હુકમો કરવામાં આવ્યા છે. સોમવારે ઓફિસ ખુલતાં નવી જગ્યા પર હાજર થવા માટેની સૂચનાઓ પણ ઓર્ડરમાં આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

કલેક્ટર કચેરીમાં ખાલી જગ્યાઓ વધુ છે જેમ જેમ નવી ભરતી પ્રક્રિયા પછી ફાળવણી કરવામાં આવે તેમ તેમ નિયુક્તીની પ્રક્રિયા પણ કરવામાં આવી રહી છે.

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૧૦ કારકુનોની ફાળવણી થઈ હતી. તેમના પ્રમાણપત્રોની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નવ કર્મચારીઓ હાજર થઈ ગયા છે અને તેમને જે તે શાખામાં કામગીરી પણ ફાળવી દેવામાં આવી છે.


# સે-૨૦માં ગટર લાઈનના ખોદકામ બાદ રસ્તો અદ્રશ્ય : કાદવ કિચ્ચડથી સ્થાનિકો તોબા

## લાઇનના ખોદકામ બાદ માટીના ઢગ થતા વરસાદી સંજોગોમાં કાદવના થર જામ્યા : સ્થાનિક રહીશો માટે આજા ફસાજા જેવી સ્થિતિ : માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરવા રજુઆત

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં નવી લાઈન નાંખવા માટે ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે અન્ય યુટીલીટીઝ લાઈનમાં પણ અનેકવાર ભંગાણ થતા સેકટરોના સ્થાનિક રહીશોની અનેકવિધ સેવાઓ ખોરવાય છે. જયારે સેકટરોમાં લાઈનના ખોદકામ બાદ યોગ્ય માટી પુરાણ ન થતુ હોવાની પણ ફરિયાદો વધુ છે. ત્યારે સે-૨૦ માં લાઈન નાંખવા માટે ખોદકામ કર્યા બાદ આખો રસ્તો માટીના ઢગ નીચે ધરબાઈ ગયો છે. ગઈકાલે વરાસદી સંજોગોમાં માર્ગ પર કાદવના થર જામી જતા વાહનચાલકો માટે પણ આજા ફસાજા જેવી સ્થિતિ સર્જાઈ હતી સોસાયટીના આ માર્ગ પર રોજબરોજ નાના મોટા અકસ્માતો પણ થાય છે. જયારે આ જોખમી સ્થિતિ નિવારવા માટે ડામર રસ્તાનુ કામ હાથ ધરવા માટે પણ સ્થાનિકોએ પ્રબળ માંગ કરી છે.

ગાંધીનગરના સેકટરોમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જયારે નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં હાથ ધરાયેલી ખોદકામની કામગીરી દરમિયાન અનેક વાર યુટીલીટીઝ લાઈનમાં પણ ભંગાણ થતા અનેકવિધ સેવાઓ પર વિપરિત અસર થાય છે. ઘણીવાર વિજળીને કેબલ કટ થવાની સાથે પાણી ગટરની હયાત લાઈનમાં પણ ગાબડુ પડતા લીકેજીસ સહીતની સમસ્યાઓ ઉદભવે છે. જયારે અન્ય કેબલ તેમજ ગેસની લાઈન પણ નવી લાઈનના ખોદકામમાં અડચણરૂપ બને છે ત્યારે



બીજીતરફ આડેધડ ખોદકામના લીધે અનેક ઠેકાણે નતનવી સમસ્યાઓ ઉભી થાય છે. સેકટરોમાં છેલ્લા એક વર્ષથી ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે હજુ આ પ્રોજેકટ પુર્ણ થતા અંદાજિત એક વર્ષનો સમય લાગશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરના નવા સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઈનના ખોદકામ દરમિયાન આંતરિક માર્ગો પણ જે સી બી થી ખુંદી નાંખવામાં આવ્યા હતા જેના લીધે સેકટરોના આંતરિક માર્ગો પર ઉબડ ખાબડ સ્થિતિ જોવા મળે છે. જો કે માર્ગ સુધારણાની કામગીરી પણ હજુ આગામી દિવસોમાં હાથ ધરવામાં નહીં આવે જેના લીધે સ્થાનિકોની પરેશાની વધી છે. શહેરના સે-૨૦ માં પણ ગટર લાઈનના ખોદકામ બાદ ડામર રસ્તાઓ અદ્રશ્ય થઈ ગયા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં બર્ફિલા પવનના લીધે નગરજનો ભર ઉનાળે ગરમ કપડામાં લપેટાયા

## સુસવાટા મારતા પવન સાથે માવઠા અસરથી ઠંડીનો પારો 3 ડીગ્રી ગગડયો : દિવસે ગરમીનુ જોર પણ ઘટી ગયુ

ગાંધીનગર તા ૧૯

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે ગમે ત્યારે હવામાનમાં ગમે ત્યારે નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. ગઈકાલે બરફના વરસાદ સાથે માવઠુ થતા નગરજનો રાત્રિના સમયે બર્ફિલા પવનની સાથે ઠંડીથી પ્રભાવિત થયા હતા. નગરજનો રાત્રિના સમયે ગરમ ટોપી અને સ્વેટરમાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે વાતાવરણ પલ્ટાની અસરથી આજે ઠંડીનો પારો પણ ૩ ડીગ્રી ગગડયો હતો. જયારે દિવસે ગરમીનુ જોર પણ ઘટી ગયુ હતુ. લઘુત્તમ તાપમાન ૧૫ ડીગ્રીએ આવી ગયુ હતુ.

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી મોસમનો મિજાજ બદલાયો છે. કમોસમી વરસાદની અસરથી ગઈકાલે પણ બપોર બાદ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો જેના લીધે સાંજના સમયે બરફના કરા સાથે થોડીવાર માટે વરસાદનુ ભારે ઝાપટુ વરસ્યુ હતુ સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા જયારે ઘણાં ઠેકાણે કાદવ કિચ્ચડ વચ્ચે વરસાદી સમસ્યાઓ ઉભરાતી નજરે પડી હતી. આજે પણ સેકટરોના કોમન પ્લોટમાં તેમજ આંતરિક માર્ગો તેમજ નિચાણવાળા વિસ્તારમાં પાણીના ખાબોચિયા ભરાયેલા નજરે પડયા હતા. ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાતા સેકટરવાસીઓ પણ ઋતુચક્રના આ વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે. ગઈકાલે વરસાદ બાદ મોડી સાંજે સુસવાટા મારતા ઠંડા પવના લીધે ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. બર્ફિલા પવનના લીધે નગરનુ વાતાવરણ જાણે હીલ સ્ટેશન જેવુ બની ગયુ હતુ. રાત્રિના સમયે નગરજનો આડા દિવસોમાં ઘરમાં એ સી ઓન કરતા હોય છે. જયારે ગઈકાલે વરસાદી વાયરા બાદ શહેરીજનો રાત્રિના સમયે સ્વેટર ટોપી જેવા ગરમ કપડામાં લપેટાઈને ફરતા નજરે પડયા હતા. રાત્રિના શિયાળા જેવી આકરી ઠંડી વર્તાઈ હતી જયારે વાતાવરણ પલ્ટાના અંતે આજે શહેરમાં ગરમી પણ અદ્રશ્ય થઈ હતી મહત્તમ પારો ૨ ડીગ્રી નીચે ઉતરીને ૩૨ ડીગ્રીએ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ત્રેવડી ઋતુના કારણે શહેરમાં રોગચાળો વકર્યો

## વારંવાર પડી રહેલા કમોસમી વરસાદે સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરી : કોરોના, ઈન્ફલુએન્ઝા અને વાયરલ ફિવરના દર્દીઓ સતત વધી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૯

ઉનાળાની શરૂઆતમાં જ ચોમાસા જેવો માહોલ સર્જાયો છે. વારંવાર આવી રહેલા વાતાવરણીય બદલાવની અસર સ્વાસ્થ્ય પર થઈ રહી છે. હાલમાં શહેરમાં કોરોનાના દર્દીઓ વધ્યા છે સાથે જ વાયરલ ઈન્ફેક્શન અને ઈન્ફલુએન્ઝાના દર્દીઓ વધી રહ્યા છે.

છેલ્લા બે માસથી શહેરમાં રોગચાળાએ ઉપાડો લીધો છે. પહેલા નાના બાળકોમાં અને હવે મોટેરાઓમાં વાયરલ ઈન્ફેક્શન વધ્યુ છે. વળી હાલમાં જે પ્રમાણે વારંવાર વાતાવરણમાં પલ્ટા આવી રહ્યા છે અને કમોસમી વરસાદ પડી રહ્યો છે તેની અસર લોકોના સ્વાસ્થ્ય પર થઈ રહી છે. છેલ્લા એકાદ સપ્તાહથી કોરોનાના દર્દીઓ પણ મળી રહ્યા છે. લગભગ દરેક વ્યક્તિ શરદી-ખાંસીથી થોડા ઘણા અંશે પીડાઈ રહી છે. નિષ્ણાત તબીબોના મત અનુસાર હાલમાં કોરોના, ઈન્ફલુએન્ઝા અને વાયરલ ઈન્ફેક્શનના દર્દીઓ સામે આવી રહ્યા છે. વળી ચિંતાનો વિષય એ છે કે આ તમામના લક્ષણો એક સરખા છે. તાવ, શરદી, ઉધરસ, માથુ દુઃખવુ જેવા લક્ષણો સાથે દવાખાનાઓ ઉભરાઈ રહ્યા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલોમાં ઓપીડીમાં ખૂબ દર્દીઓ શરદી-ખાંસીની ફરિયાદ

● અનુસંધાન પાન-૭ પર

# દહેગામના ઉદણ ગામે વીજળી પડતાં બે પશુના મોત

## પશુપાલન વિભાગ દ્વારા આ બે પશુઓના મૃત્યુ થતાં તાત્કાલિક સહાયની રકમ પણ જિલ્લાકક્ષાએથી મંજૂર કરી દેવામાં આવી છે

ગાંધીનગર, તા. ૧૯

દહેગામ તાલુકાના ઉદણ ગામે આકાશી વીજળી પડતાં બે નાના પશુના થયેલા મોતના સમાચાર વાયુવેગે પ્રસરતાં પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૭મીએ ઉદણ ગામે રાત્રે ૧૧ વાગે આકાશી વીજળી પડતાં ગોવિંદજી ઠાકોરની બે પાડી (ભેંસ સંવર્ગ)ની મૃત્યુ પામી છે. તેમના ખેતરમાં તેમણે આ બે પાડી રાખી હતી.

મળતી વિગતો પ્રમાણે આ ઘટનાની જાણ થતાં જ પશુપાલન તંત્રની ટીમો ત્યાં પહોંચી હતી અને મૃતક પશુઓના પોસ્ટમોર્ટમની પ્રક્રિયા હાથ ધરી હતી.

પશુપાલન વિભાગ દ્વારા આ બે પશુઓના મૃત્યુ થતાં તાત્કાલિક સહાયની રકમ પણ જિલ્લાકક્ષાએથી મંજૂર કરી દેવામાં આવી છે.

જિલ્લામાં એક તરફ કમોસમી વરસાદથી ખેડૂતોની હાલત કફોડી બની છે. ઘઉંના પાકને ભારે નુકશાનની ભીતિ છે. બીજી તરફ આકાશી વીજળી પડતાં બે પશુના મોતની ઘટના સામે આવતાં પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com